પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૫૯ | ૧૦ મે, ૨૦૧૯, શુક્રવાર; વૈશાખ સુદ-૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ન્યુઝ ટ્રેક


### તેજ બહાદુર યાદવ ચૂંટણી નહી લડી શકે

સુપ્રિમ કોર્ટે બીએસએફના સસ્પેન્ડેડ જવાન અને મોદી વિરૂદ્ધ ઉમેદવારીપત્રક ભરનાર જવાન તેમજ બહાદુર યાદવની અરજી ફગાવી દીધી છે. ચૂંટણીપંચે તેજ બહાદુરનુ ઉમેદવારીપત્રક રદ કરતા તેઓએ આ મામલે સુપ્રિમમાં અરજી દાખલ કરી હતી. કોર્ટે ચૂંટણી પંચની કામગીરીમાં દખલ નહી કરવાનો નિર્ણય લીધો છે.

### નોર્થ ઈસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાં આગ

ઉત્તરપ્રદેશના મિર્ઝાપુરમાં નોર્થ ઈસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાં આગ લાગવાનો બનાવ નોંધાયો છે. શોર્ટ સર્કિટથી આગ લાગતા ટ્રેનમાં અફરાતફરી મચી ગઈ હતી. જોકે આ બાબતે તુરત જ કાર્યવાહી કરી ચાલકે ટ્રેન રોકી દીધી હતી અને આગ લાગી હતી તે બોગીને અન્ય બોગીઓથી દૂર કરી દેતા મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

### કેદારનાથના કપાટ ખૂલ્યા



ચારધામની યાત્રા મંગળવારથી શરૂ થઈ છે. કેદારનાથ મંદિરના કપાટ ખૂલ્યા છે. હજારો શ્રદ્ધાળુઓ બાબા કેદારનાથના દર્શન કરવા પહોંચી ગયા છે. મંદિર પરિસરમાં હાલ ૪-૫ ફૂટ બરફ જામેલો છે. જોકે ભક્તોને મુશ્કેલી ન પડે તે માટે રસ્તો સાફ કરી દેવામાં આવ્યો છે.

# સતત સાતમાં દિને શેરબજારમાં કડાકો

**સેંસેક્સ ૨૩૦ પોઈન્ટ ઘટી ૩૭૫૫૯ની નીચી સપાટી પર બંધ : કારોબારી ભારે નિરાશ : અમેરિકા અને ચીન વચ્ચે તીવ્ર વેપાર તંગદિલી તથા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં જોરદાર ઘટાડો થતા અફરાતફરી : યસ બેંક શેરમાં નોંધપાત્ર ઉછાળો**

મુંબઈ,તા. ૯

શેરબજારમાં આજે મંદીનો દોર અવિરતપણે જારી રહ્યો હતો. આજે ગુરૂવારના દિવસે સતત સાતમાં દિવસે શેરબજારમાં મોટો કડાકો બોલી ગયો હતો. અમેરિકા અનો ચીન વચ્ચે વધતી જતી તંગદિલી અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરમાં ઘટાડાની સાથે સેન્સેક્સ ૨૩૦ પોઈન્ટ ઘટીને આજે ૩૭૫૫૯ની સપાટી પર બંધ રહ્યો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્ષચેન્જમાં નિફ્ટી ૫૮ પોઈન્ટ ઘટીને ૧૧૩૦૨ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરમાં સૌથી વધુ નુકસાન રહ્યું હતું. કંપનીના શેરની કિંમત ૩.૪૧ ટકા ઘટી ગઈ હતી. ત્યારબાદ કોલ ઈન્ડિયા, એશિયન પેઈન્ટ, એનટીપીસી, કોટક બેંક, ભારતી એરટેલ, વેદાંતા, પાવર ગ્રીડ, એચડીએફસી બેંક તથા એચડીએફસીમાં પણ કડાકો બોલી ગયો હતો. આ કંપનીના શેરમાં ૨.૫૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીજી બાજુ યસ બેંકના શેરમાં ૫.૯૪ ટકાનો વધારો નોંધાયો હતો. યુરોપના બજારોમાં પણ અફરાતફરીનો માહોલ રહ્યો હતો. કારોબારીઓના કહેવા મુજબ અમેરિકા અને ચીન વચ્ચે વેપાર તંગદિલી વધવાના કારણે મૂડીરોકાણ ઘટી રહ્યું છે.

ટ્રેડ વોરને લઈને અમેરિકા અને ચીન વચ્ચે ખેંચતાણ હજુ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. શુક્રવારના દિવસે મૂડીરોકાણકારો દ્વારા ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટના આંકડા જારી કરવામાં આવશે. ફેબ્રુઆરી મહિનામાં આ આંકડો ૨૦ મહિનાની નીચી સપાટીએ રહ્યો હતો. મેન્યુફેક્ચરીંગ સેકટરમાં સીધી અસર જોવા મળી રહી છે.વિદેશી ફંડ પ્રવાહની વાત કરવામાં આવે તો ૩ મહિનામાં ૭૨૩૯૪ કરોડ ઠાલવી દેવામાં આવ્યા છે. એપ્રિલ મહિનામાં મૂડી પ્રવાનો આંકડો ૨૧૧૯૩ કરોડ રૂપિયાનો રહ્યો છે. નવા કારોબારી સેશનમાં રહેનાર છે તેમાં અમેરિકા અને ચીન વચ્ચેની વેપાર મંત્રણાનો સમાવેશ થાય છે.

ચીની પ્રતિનિધિમંડળના સભ્યો બુધવારના દિવસે અમેરિકા પહોંચ્યા હતા અને સૂચિત વેપાર સમજૂતિ ઉપર ચર્ચા શરૂ થઈ છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કહી ચુક્યા છે કે ચીન સાથેની વેપાર મંત્રણા ખૂબ સારી રીતે આગળ વધી રહી છે. બેજિંગ સાથે વેપાર વિવાદને ટૂંકમાં જ ઉકેલી લેવામાં આવશે. આજે કારોબાર દરમિયાન બજાજ ફાઈનાન્સ, ટીસીએસ, બજાજ ઓટોના શેરમાં મોટો ઉછાળો નોંધાયો હતો. વૈશ્વિક બજારમાં અફરાતફરી હજુ જારી રહે તેવી શક્યા છે. જ્યાં સુધી ચીન અનો અમેરિકા વચ્ચે વેપાર મંત્રણાનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી વાતચીત જારી રહેશે.

# દીદીની થપ્પડ મારા માટે આશિર્વાદ : મોદી

**મમતા પાકિસ્તાનના ઇમરાન ખાનને ભારતના વડાપ્રધાન માને છે : દીદી પરેશાન થઇને દેશના બંધારણનો ઉપયોગ કરી રહ્યા છે : તમે ટોળાબાજોને થપ્પડ માર્યા હોત તો આજે ટ્રિપલ-ટી(તૃણમૂલ, ટોળાબાજ, ટેક્સ)નો દાગ તમારા પર ના લાગત**

પુરૂલિયા,તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની વચ્ચે વાકયુદ્ધ સતત વધી ગયું છે. પશ્ચિમ બંગાળમાં તાબડતોડ રેલીઓ દ્વારા લોકસભાની સાથો સાથ વિધાનસભા ચૂંટણીની જમીન તૈયાર કરી રહેલા પીએમ મોદીએ એકવખત ફરીથી મમતા બેનર્જી પર નિશાન સાંધ્યું. પુરૂલિયામાં એક જનસભામાં પીએમ બોલ્યા કે કોઈએ કહ્યું કે દીદી (મમતા) મને થપ્પડ મારવા માંગે છે. દીદી.ઓ મમતા દીદી હું તો તમને દીદી કહું છું તમારો આદર કરું છું.તમારી થપ્પડ તો મારા માટે આશીર્વાદ બની જશે એ પણ ખાય લઈશ. મમતા પાકિસ્તાનના ઈમરાન ખાનને ભારતના વડાપ્રધાન માને છે.

મા, માટી અને માનુષ દ્વારા મમતા પર વરસતા પીએમે કહ્યું કે મા, માટી અને માનુષની વાત કરીને દીદીએ તમે બધાના વોટ લીધા. પરંતુ આજે પશ્ચિમ બંગાળની શું સ્થિતિ છે? માતા પોતાના સંતાનોની સાથે સુરક્ષા માટે પરેશાન છે. માટી, લોકતંત્ર પ્રેમી નિર્દોષ નાગરિકોના લોહીથી લાલ રંગમાં રંગાયા છે અને માનુષ ડરના પડછાયામાં જીવવા મજબૂર છે. શું તમે આ દિવસ માટે દીદીને પસંદ કર્યા હતા.

થપ્પડવાળા નિવેદન પર મમતાને ઘેરતા પીએમે કહ્યું કે પરંતુ એમ પણ કહીશ કે જો તમે તમારા એ સાથીઓને થપ્પડ મારવાનું દમ દેખાડ્યું હોત, જેને ચિટકાંડના નામ પર ગરીબોની કમાણી લૂંટી લીધી, તો તમને એટલો ડર ના લાગત. જો તમે એ ટોળાબાજોને થપ્પડ માર્યા હોય તો આજે ટ્રિપલ્ (તૃણમૂલ ટોળાબાજ ટેક્સ)નો દાગ તમારા પર ના લાગત. પીએમે કહ્યું કે ગરીબોનું જીવન સરળ બનાવું, તેમને

● અનુસંધાન પાન-૭ પર



## છઠ્ઠા તબક્કાની ચૂંટણી માટે પ્રચાર હાલ ચરમસીમા પર

**કુલ સાત રાજ્યોની ૫૯ સીટ પર મતદાનને લઇને તમામ તૈયારી કરી લેવાઇ : મતદાનને લઇને મતદારો ઉત્સાહિત**

નવી દિલ્હી,તા.૯

સાત રાજ્યોમાં યોજાનાર લોકસભાની ચૂંટણીના હવે છઠ્ઠા તબક્કામાં ૧૨મી મેના દિવસે મતદાન યોજાનાર છે. છઠ્ઠા તબક્કાના મતદાન માટે ચૂંટણી પ્રચાર ચરમસીમા પર પહોંચી ગયા બાદ ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે તમામ તાકાત લગાવી દીધી છે.

જ્યારે કોંગ્રેસ તરફથી પ્રમુખ રાહુલ ગાંધી અને પ્રિયંકા વાઢેરા સહિતના તમામ લોકોએ તાકાત લગાવી દીધી છે. છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યોને આવરી લેતી લોકસભાની ૫૯ સીટ પર મતદાન યોજાનાર છે. મતદાનને લઈને પંચ દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી છે. આવી સ્થિતીમાં કો પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પુરતા પગલા પણ લેવામાં આવી રહ્યા છે. હજુ સુધી પાંચ તબક્કામાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. આની સાથે જ ૪૨૫ સીટ પર મતદાનન પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. હવે બાકીના બે તબક્કામાં ૧૧૮ સીટ પર મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

# આટલા નબળા વડાપ્રધાન તો લાઈફમાં જોયા નથી : પ્રિયંકા

**રાજકીય શક્તિ મોટા પ્રચારથી દેખાતી નથી : પ્રિયંકા : મોદીને પરિવાર નથી, ફરવા કોની સાથે જશે : પારિવારિક મૂલ્યોનું મોદી સન્માન કરતા નથી : આનંદ શર્માનો આક્ષેપ**

પ્રતાપગઢ, તા. ૯



પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી માટે ભ્રષ્ટાચારી નંબર વન વાળા નિવેદનને લઈને કોંગ્રેસ પાર્ટીએ હવે વડાપ્રધાન મોદી પર પ્રહારો વધારે તીવ્ર બનાવી દીધા છે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી બાદ હવે પાર્ટી મહાસચિવ પ્રિયંકા ગાંધીએ પણ મોદી પર પ્રહારો કર્યા છે. મોદીને ટાર્ગેટ બનાવતા પ્રિયંકાએ કહ્યું છે કે મોદી મોટા કાયર તરીકે સાબિત થઈ રહ્યા છે. મોદી કરતા નબળા વડાપ્રધાન તેઓએ તેમની લાઈફમાં ક્યારેય જોયા નથી. આ ગાળા દરમિયાન પ્રિયંકાએ કહ્યું હતું કે રાજકીય શક્તિ મોટા મોટો પ્રચાર અથવા તો ટીવી ઉપર દેખાવવાથ આવતી નથી. છેલ્લા દિવસોમાં મોદીએ એક રેલીમાં કહ્યું હતું કે રાજીવ ગાંધીને રાજ દરબારીઓએ મિસ્ટર ક્લિન તરીકે બનાવી દીધા હતા પરંતુ જોત જોતામાં જ તેઓ ભ્રષ્ટાચારી નંબર વન બની ગયા હતા અને તેમની જીવન અવધિ ભ્રષ્ટાચારી નંબર વન તરીકે પૂર્ણ થઈ હતી. મોદીના આ નિવેદન બાદ રાજકીય ઘમસાણની સ્થિતિ થઈ છે.

આજે પ્રિયંકા ગાંધી વાઢેરાએ પ્રતાપગઢમાં ચુંટણી રેલી યોજી હતી. જેમાં મોદી ઉપર આક્ષેપો કર્યા હતા. પ્રિયંકાએ કહ્યું હતું કે રાજકીય શક્તિ એ હોય છે જેમાં પ્રજા સૌથી મહત્વપૂર્ણ હોય છે. જેમાં પ્રજાનો અવાજ સાંભળવાની શક્તિ હોવી જોઈએ. સાથે સાથે પ્રજાની સમસ્યાઓને ઉકેલવાની શક્તિ પણ હોવી જોઈએ. ટિકા ટિપ્પણી સાંભળવાની શક્તિ પણ હોવી જોઈએ. વિપક્ષી દળોની વાત સાંભળવાની શક્તિ હોવી જોઈએ. પ્રિયંકાએ કહ્યું હતું કે મોદી વાત સાંભળવાના બદલે જવાબ દેવા માટે પણ ઈચ્છુક નથી. પ્રિયંકા અને રાહુલ ગાંધી ઉપરાંત કોંગ્રેસના અન્ય નેતાઓ પણ આક્રમક મૂડમાં આવી ગયા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ આનંદ શર્માએ આજે કહ્યું હતું કે મોદીના આક્ષેપ ખૂબ દુર્ભાગ્યપૂર્ણ છે. રાજીવ ગાંધી વડાપ્રધાન હતા અને તેમને એરક્રાફ્ટ કેરિયર પર જવાનો પૂર્ણ અધિકાર હતો. હવે મોદીના કોઈ પરિવારના સભ્યો નથી. જેથી તેઓ જવાની સ્થિતિમાં પણ નથી. તેમના પરિવારમાં કોઈ નથી. જેથી પારિવારિક મૂલ્યોનું સન્માન પણ કરતા નથી.

## સ્પાઈસ જેટમાં ૧૧મીથી બિઝનેસ ક્લાસમાં પ્રવાસ

મુંબઈ, તા.૯

સસ્તી કિંમતે વિમાની સેવાન ઓફર કરનાર એરલાઈન્સ સ્પાઈસ જેટે આજે બિઝનેસ ક્લાસ ઓફર કરવાની જાહેરાત કરી છે. સ્પાઈસ જેટ ૧૧મી મેથી તેના પસંદગીના રૂટ ઉપર બિઝનેસ ક્લાસમાં યાત્રા કરવા માટે ઓફર કરશે. સ્પાઈસ જેટે એક નિવેદન જારી કરીને કહ્યું છે કે એરલાઈન તેના પસંદગીના રૂટ દિલ્હી, મુંબઈ, કોલકતા, ચેન્નઈ, હૈદરાબાદ, બેંગલોર, વારાણસી અને શ્રીનગરથી ઉડાણ ભરનાર પોતાના બોઈંગ ૭૩૭ વિમાનમાં બિઝનેસ ક્લાસમાં વિમાની યાત્રા માટે ઓફર કરશે.

આ પગલું કંપનીને તાજેરમાં જ બંધ થઈ ચુકેલી જેટ એરવેઝ પાસેથી કેટલાક બોઈંગ ૭૩૭ વિમાન લીઝ ઉપર લેવાના નિર્ણય બાદ કર્યો છે. સ્પાઈસ જેટે પ્રિમિયમ સેવા આપનાર ગલ્ફ કેરિયર અમિરાતની સાથે એક કોડ શેર સમજૂતિની જાહેરાત પણ કરી છે. જેટના બોઈંગના પૂર્ણ કાફલામાં બે ક્લાસમાં વિભાજિત રહે છે. તેમાં બિઝનેસ ક્લાસ અને ઈકોનોમી ક્લાસનો સમાવેશ થાય છે.

## રાહુલ ગાંધીની નાગરિકતા અંગેની અરજી સુપ્રિમ કોર્ટે ફગાવી

**કોઈ કાગળ ઉપર લખી દેવાથી રાહુલ ગાંધી વિદેશી નથી થઈ જતા : સુપ્રીમ કોર્ટ : દેશના ૧૩૦ કરોડ લોકોમાં દરેક વડાપ્રધાન બનવા માંગે છે**

ન્યુ દિલ્હી,તા.૯

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી આજે મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા રાહુલ ગાંધીની નાગરિકતાના મામલે દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું છે કે, અરજીકર્તાને રાહુલ ગાંધીની નાગરિકતા વિષે ક્યારે ખબર પડી? સાથે કોર્ટે કહ્યું કે, કોઈ એક વ્યક્તિ એક કાગળ ઉપર એવું જણાવે કે સંબંધિત વ્યક્તિ બ્રિટિશ નાગરિક છે, તેનો મતલબ એવો નથી કે તે બ્રિટિશ નાગરિક બની જાય!

આ અરજીકર્તાએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી દેશના વડાપ્રધાન બનવા માંગે છે. આ તર્ક મામલે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, કોણ એવું છે દેશના

● અનુસંધાન પાન-૭ પર

## ટ્રમ્પ આકરા પાણીએ : અમેરિકાએ ઈરાન પર નવા પ્રતિબંધ લગાવ્યા

વૉશિંગ્ટન/તહેરાન,તા.૯

અમેરિકાએ ઈરાન પર નવા પ્રતિબંધ લગાવ્યા છે. આ પ્રતિબંધ લોખંડ, સ્ટીલ, એલ્યુમીનિયમ અને તાંબાની નિકાસ પર લગાવવામાં આવ્યા છે. વ્હાઈટ હાઉસ અનુસાર, ઈરાનની કુલ નિકાસનો ૧૦ ટકા રેવન્યુ આ જ ધાતુઓના નિકાસથી મળે છે. અમેરિકાના નવા પ્રતિબંધોથી બંને દેશોની વચ્ચે તણાવ વધી શકે છે. ટ્રમ્પે કહ્યું, મેં ઈરાનના લોખંડ, સ્ટીલ, એલ્યુમિનિયમ અને તાંબા સેક્ટર પર પ્રતિબંધ લગાવવાના આદેશ પર હસ્તાક્ષર કર્યા છે.

Indian Institute of Teacher Education
(State Public University of Government of Gujarat)
Sector-15, Near Mahatma Mandir, Gandhinagar (Gujarat) - 382016
B.Sc. B.Ed. & B.A. B.Ed - Admission 2019
Four Years Integrated Teacher Education Programmes
Indian Institute of Teacher Education (IITE) is the University dedicated to Teacher Education. Online applications are invited for admission to four years integrated courses B.Sc.B.Ed. (100 Seats) and B.A.B.Ed. (100 Seats). The interested candidates may apply on IITE website: www.iite.ac.in from 10th May, 2019.
Last Date for Online Registration 28th May, 2019
Help Desk:- 9726633099, 9726631810, Email:- onlineadmission@iite.ac.in
Date:- 10-05-2019
Registrar, IITE

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

SHRI JAIRAMBHAI PATEL INSTITUTE OF BUSINESS MANAGEMENT
(NICM-Gandhinagar)
Since 1995 (24 Years of Excellence)
ADMISSION INQUIRY
MBA 2019 - 21 BATCH
Intake 120 Seats | 100 % Placement from last 4 Years | Highest Package Offered in 2018 : ₹ 10,00,000 | Average Package ₹ 4.5 Lac
www.nicm.coop | nicm gandhinagar
Call Now on 079-23213037/39, 9714106417/18
Address : Nr.infocity Gate 01, Nr. Indroda Circle, Gandhinagar
Chairman : Narhari Amin
Managing Trustee : Jayprakashbhai Patel

